## ગ્રાહકોના બચત / ચાલુ ખાતાની જાળવણી માટે પાસબુક અપડેટ કરવી

યૂ બી ડી.સી ઓ.પી ઓ ટી. પી સી બી.સિર./ 02 /09.11.00/2002-03

18 જુલાઇ 2002
27 અષાઢ 1924(એસ)

દરેક પ્રાયમરી અર્બન કો.ઓ.બેંકના ચીફ એકિઝકયુટિવ અધિકારીઓ

સ્નેહીશ્રી / સુશ્રી,

ગ્રાહકોના બચત / ચાલુ ખાતાની જાળવણી માટે પાસબુક અપડેટ કરવી.

---

રિઝર્વ બેંકના ધ્યાનમાં આવ્યું છે કે, કેટલીક બેંકો પાસબુક અપડેટિંગ માટે કોમ્પ્યૂટર દ્વારા પાસબુકમાં એન્ટ્રી કરી દે છે, જેમાં ચેક નંબર, કોના દ્વારા ચેક અપાયો તેનું નામ કે કોણે સ્વીકાર્યો વગેરે વિગતો વિનાજ ફકત એન્ટ્રી બાય કિલયરીંગ અથવા ટુ કિલયરીગ લખીને કરાય છે. જુદી-જુદી તારીખોના વ્યવહારમાં સમાન આંકડો આવે ત્યારે આવી એન્ટ્રી મુશ્કેલી ઊભી કરે છે.

ખાથા ધારકની તકલીફ ઘટાડવા તથા ઉમદા ગ્રાહક સેવા આપવા માટે બેંકે વ્યવહારની પૂરતી વિગતો તેમાં આપવી જોઇએ. ગ્રાહકે ચેક દ્વારા નાણાં ઉપાડયા હોય અને બેંકર્સ કિલયરીંગ હાઉસિસ મારફત તેરજૂ થયો હોય કે ઇલેકટ્રોનિક કિલયરીંગ સર્વિસનો ઉપયોગ હોય દરેક બાબત વિગતે આપી પાસબુક અપડેટ કરવી.

આપનો વિશ્વાસુ,

(એસ. વી. શરાફ)
ઉપ મહા પ્રબંધક